**4.4.2 - There are established systems and procedures for maintaining and utilizing physical, academic and support facilities - laboratory, library, sports complex, computers, classrooms etc.**

Management established the purchase committee as an organization. Purchase orders are placed after requests for different dealer quotations. The institution has been granted sum of Rs 2 crores by the Rashtriya Uchchattar Shiksha Abhiyan (RUSA) for the purpose of building three new laboratories and smart classrooms, renovating the current laboratories and classrooms, outsourcing of lavatory and service areas. The landscaping and visual appeal of the campus are the responsibility of the botany department and the growers.

એનેક્ષર-૨

RASHTRIYA UCHCHATAR SHIKSHA ABHIYAN (RUSA)
**State Nodal Office**
Knowledge Consortium of Gujarat, Near L.D. Engineering College,
Navarangpura, Ahmedabad-380015, Gujarat State
Email : snogujaratrusa2@gmail.com

No:SNO/RUSA 2.0/9/RRMSCLPCCP/D.9/2019/ ૪૨૪૫ Date: 07/02/'19

વંચાણે લીધા:

1. MHRD,DELHIના તા: ૨૧/૦૬/૨૦૧૮ના રોજનો પત્ર ક્ર.:F.No.24-22/2014-U Policy (GUJ|GU&C-GEN)
2. MHRD,DELHIના તા: ૨૧/૦૬/૨૦૧૮ના રોજનો પત્ર ક્ર.:F.No.24-22/2014-U Policy (GUJ|GU&C-SC)
3. MHRD,DELHIના તા: ૨૧/૦૬/૨૦૧૮ના રોજનો પત્ર ક્ર.:F.No.24-22/2014-U Policy (GUJ|GU&C-ST)
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૧૭/૧૧/૨૦૧૮નો કચેરી આદેશ ક્રમાંક: ISC-7/RUSA/D-9/B.S-1/31740-47
5. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૧૭/૧૧/૨૦૧૮નો કચેરી આદેશ ક્રમાંક: ISC-7/RUSA/D-95/SCSP/B.S-1/18/31756-63
6. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૧૭/૧૧/૨૦૧૮નો કચેરી આદેશ ક્રમાંક: ISC-7/RUSA/D-96/B.S-1/18/31772-79
7. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૧૭/૧૧/૨૦૧૮નો કચેરી આદેશ ક્રમાંક: ISC-7/RUSA/D-9/S.S -1/18/31748-55
8. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૧૭/૧૧/૨૦૧૮નો કચેરી આદેશ ક્રમાંક: ISC-7/RUSA/D-95/SCSP/S.S-1/18/31764-71
9. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૧૭/૧૧/૨૦૧૮નો કચેરી આદેશ ક્રમાંક: ISC-7/RUSA/D-96/ S.S-1/18/31780-83
10. તા:૨૧/૦૧/૨૦૧૯ના રોજની નોંધ-૧ થી નોંધ-૫. F.NO.KCG/RUSA/2018-19/441(1922)
11. સ્ટેટ નોડલ ઓફીસ, રૂસાના ટેકનીકલ કન્સલ્ટન્ટ દ્વારા રજૂ કરેલ સ્થળ મુલાકાતનો અહેવાલ

::કચેરી આદેશ::

ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારણાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજના છે. તા.૨૪/૦૪/૨૦૧૮ ના રોજ MHRD, દિલ્હી ખાતે RUSA 2.0ના Implementation માટે State/UT સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રૂસા ભાગ-૨ ની ગાઈડલાઈન્સ નક્કી થયેલ હતી. યુનિવર્સીટીઓ અને સરકારી અને અનુદાનિત સંસ્થાઓમાંથી જે સંસ્થાઓએ NAAC Accreditation મેળવેલ હોય અને હાલ માં NAAC Accreditationચાલુ હોય તથા RUSA ૨.૦ની ગાઈડલાઈન્સ અનુસારની શરતોને પરિપૂર્ણ કરતી હોઇ તેવી રાજ્યની સંસ્થાઓ દ્વારા રૂસા ભાગ-૨ના અનુદાન મેળવવા માટે આવેદન કરેલ હતું. જેમાં R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpurએ કમ્પોનન્ટ નં -૯ (ઇન્ફ્રાસ્ટ્રકચર ગ્રાન્ટ્સ ટૂ કોલેજીસ)માટે દરખાસ્ત કરી હતી અને આમ આ દરખાસ્ત રાજ્યસરકાર દ્વારા ભારત સરકારને મોકલવામાં આવેલ હતી.

RUSA MHRD, NEW DELHI દ્વારા કરવામાં આવેલ ૧૨મી પ્રોજેક્ટ અપ્રુવલ બોર્ડ(12th PAB)ની મીટીંગમાં રૂસા કમ્પોનન્ટ નં -૯ (ઇન્ફ્રાસ્ટ્રકચર ગ્રાન્ટ્સ ટૂ કોલેજીસ)અંતર્ગત રાજ્યની ૩૭ સરકારી તથા કોલેજોને પ્રતિ કોલેજ દીઠ કુલ રૂ. ૨ કરોડની ગ્રાન્ટની ફાળવણીની મંજુરી મળેલ છે. જે પૈકીની ૧ કોલેજ તરીકે R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpurનો સમાવેશ થાય છે.

E

આમ, R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpur દ્વારા RUSA 2.0ના ગાઈડલાઈન્સ અનુસાર તથા રોડ અને બાંધકામ વિભાગના Sabarkantha જીલ્લાના SOR મુજબ Detail Project Report(DPR) સ્ટેટ નોડલ ઓફીસ,રૂસાને રજુ કરેલ છે. જેની ચકાસણી તથા સ્થળ ચકાસણી સ્ટેટ નોડલ ઓફીસ, રૂસાના ટેકનીકલ કન્સલ્ટન્ટ દ્વારા કરવામાં આવતા સંતોષજનક જણાતા ઉપરોક્ત સંદર્ભના આદેશો અનુસાર પ્રથમ હપ્તા પેટેના અનુદાનની ફાળવણી કરવાની થાય છે.

સંદર્ભ ૧,૨,૩, અનુસાર RUSA MHRD, NEW DELHI દ્વારા R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpurના પ્રથમ હપ્તા(૬૦%) પેટે રૂ.૬૦,૦૦,૦૦૦=૦૦નું અનુદાન રાજ્ય સરકારને ફાળવી આપવામાં આવેલ છે. જેની સામે રાજ્ય સરકાર દ્વારા સંદર્ભ- ૪ થી ૯ મુજબ પોતાનો ૪૦% ફાળો ઉમેરીને સ્ટેટ નોડલ ઓફીસ, રૂસાને ફાળવવામાં આવેલ છે. આથી, R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpurને પ્રથમ હપ્તા પેટે ફાળવવાના થતા અનુદાનની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

Table 1

| DETAIL | Demand No. 9 (77.5%) GENERAL (In Rs.) | Demand No. 95 (15%) SC (In Rs.) | Demand No. 96 (7.5%) ST (In Rs.) | TOTAL (100%) (In Rs.) |
|---|---|---|---|---|
| CENTRAL SHARE(60%) | 46,50,000=00 | 9,00,000=00 | 4,50,000=00 | 60,00,000=00 |
| STATE SHARE(40%) | 31,00,000=00 | 6,00,000=00 | 3,00,000=00 | 40,00,000=00 |
| TOTAL GRANT(100%) | 77,50,000=00 | 15,00,000=00 | 7,50,000=00 | 1,00,00,000=00 |

રૂસા અંતર્ગત ભારત સરકાર અને રાજ્ય સરકારનું કુલ અનુદાન ત્રણ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવે છે. જેમાં કુલ અનુદાનના માંગણી ન.૯ GENERAL(૭૭.૫%), માંગણી ન.૯૫ SC અને ખાસ અંગભૂત યોજના(૧૫%) અને માંગણી ન.૯૬ ST અને આદિજાતિ વિસ્તાર(૭.૫%) છે.

આથી R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpurને કોષ્ટક-૧ પ્રમાણે માંગણી ન.૯ GENERAL(૭૭.૫%) અંતર્ગતનું અનુદાન નીચે મુજબના કોષ્ટક-૨ પ્રમાણે ફાળવવાનો આદેશ કરવામાં આવે છે.

કોષ્ટક-૨

| SR. | DETAIL | Demand No. 9 (77.5%) GENERAL (In Rs.) |
|---|---|---|
| 1 | CENTRAL SHARE(60%) | 46,50,000=00 |
| 2 | STATE SHARE(40%) | 31,00,000=00 |
| 3 | TOTAL GRANT(100%) | 77,50,000=00 |

આમ, ઉપરોક્ત કોષ્ટક-૨ મુજબ માંગણી ન.૯ GENERAL(૭૭.૫%)નું રૂ.૭૭,૫૦,૦૦૦=૦૦ પ્રથમ હપ્તાનુ અનુદાન R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpurને PFMSના માધ્યમથી CANARA BANK ખાતા નં. 3801101001129 IFSC CODE : CNRB0003801માં ફાળવવાનો આદેશ કરવામાં આવે છે. ઉપરોક્ત ગ્રાન્ટ નીચે જણાવ્યા હેતુઓ માટે જ ફાળવવામાં આવે છે.

TABLE – A: CREATION OF NEW FACILITIES

| Items | Norms |
|---|---|
| Hostels (separate for boys and girls) | New Construction |
| Toilets (separate for boys and girls) | New Construction |
| Laboratory | New Construction |
| Computer Centre | New Construction |
| Classrooms (including technologically enabled classrooms) | New Construction |
| Common Room for Students | New Construction |
| Canteen/Cafeteria | New Construction |

**TABLE – B: RENOVATION/UPGRADATION OF EXISTING FACILITIES**

| Items | Norms |
|---|---|
| Academic Buildings | Renovation/Upgradation of Existing Buildings |
| Administrative Buildings | Renovation/Upgradation of Existing Buildings |
| Campus Development | Beautification, Amenities, Water Supply, Drainage, Water Harvesting, Alternate Energy Sources, playgrounds, etc. |
| Hostels | Renovation/Upgradation of Existing Buildings |
| Toilets | Renovation/Upgradation of Existing Buildings |
| Library | Renovation/Upgradation of Existing Buildings/Facilities; Digitisation of Existing Resources/Automation |
| Classrooms | Renovation/Upgradation of Existing Buildings/Facilities; Technologically-enabled classrooms |
| Auditorium | Renovation/Upgradation of Existing Buildings/Facilities |
| Canteen/Cafeteria | Renovation/Upgradation of Existing Buildings/Facilities |
| Computer Centre | Upscaling of Existing Network to Enable WiFi |

**TABLE – C: NEW EQUIPMENT/FACILITIES**

| Items | Norms |
|---|---|
| Sports Facility | New equipment/facilities |
| Computers | New equipment |
| Books/Journals | Purchase of new books |
| E-Resources | Subscription of New Journals |

આમ, ઉપરોક્ત બાબતે R. R. Mehta College of Science and C.L.Parikh College of Commerce, Palanpurદ્વારા રૂસા ભાગ-૨ના કમ્પોનન્ટ નં -૯ (ઇન્ફ્રાસ્ટ્રકચર ગ્રાન્ટસ ટુ કોલેજીસ)ની મંજુર થયેલ અનુદાનનું તેઓની કોલેજની DPRમાં રૂસા ભાગ ૨ની ગાઈડલાઈન્સ અનુસાર નીચે પ્રમાણેની ટકાવારીમાં વિભાજન કરેલ છે. અને જેને મંજુર કરવામાં આવે છે. આમ, હવે આ વિભાજન મુજબજ ખર્ચ કરવાનો રહેશે. જેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી.

| Details | Ratio In (%) | Amount (In Rs) |
|---|---|---|
| New Construction | 40 | 81,06,000 |
| Renovation/Upgradation | 40 | 99,63,000 |
| Equipment | 20 | 40,01,084 |
| Total | 100 | 2,20,70,084 |

આમ, આપશ્રીની કોલેજ દ્વારા આ અનુદાનનો વપરાશ ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ ટકાવારી પ્રમાણે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

શરતો:

1. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષના અંદાજપત્રીય જોગવાઈને આધીન અને સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્ય દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં સંસ્થા દ્વારા કરવાનો રહેશે.
2. આ અંગેનો ખર્ચ સરકારશ્રીની સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી સંસ્થા દ્વારા કરવાનો રહેશે.
3. આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન સંસ્થા દ્વારા કરવાનું રહેશે.
4. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટ જે હેતુ માટે ફાળવેલ હોય તે સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, તથા ગ્રાન્ટનો સમય મર્યાદામાં વપરાશ સંસ્થા દ્વારા કરવાનો રહેશે.

5. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિના જોગવાઈઓનું ચુસ્તપણે સંસ્થા દ્વારા પાલન કરવામાં આવશે. અને જો તેમાં ચૂક થશે તો તેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

6. આ અનુદાનના વપરાશ માટે ટેન્ડર પ્રોસેસીંગ સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવમાં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની ખરીદનિતી અને તે અંગેની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે સંસ્થા દ્વારા પાલન કરવાનું રહેશે.

7. સદર યોજના હેઠળ કોઈ સ્ટાફ મંજુર કરવામાં આવેલ નથી, તેથી ઉક્ત બાબતે કોઇ સ્ટાફની ભરતી કરી શકાશે નહિ.

8. કોલેજને આપવામાં આવેલ ગ્રાન્ટનો વપરાશ ભારત સરકાર, ગુજરાત સરકાર, MHRD, UGC, RUSAની શરતો, ગાઈડલાઈન્સ અને સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, કેસીજી, ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવેલ નીતિ નિયમોને ધ્યાનમાં રાખી ખર્ચ કરી ઉપયોગીતા પ્રમાણપત્ર (UTILIZATION CERTIFICATE) વખતો વખત નિયમ અનુસાર દર માસની ૧૦ તારીખ સુધીમાં સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્યને મોકલી આપવાનું રહેશે.

9. ખર્ચ થયેલ અનુદાનનું ઓડીટ ભારત સરકાર, ગુજરાત સરકારની નિર્ધારિત ઓડીટ કચેરી દ્વારા તથા સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવશે અને તેની વિગતવાર માહિતી સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્યને વખતો વખત સંસ્થા દ્વારા પૂરી પડવાની રહેશે.

10. યોજના અને તેની ગતિવિધિઓની દેખરેખ કરવાની જવાબદારી કોલેજના આચાર્યશ્રીની રહેશે.

11. RUSA MHRD એ કેનેરા બેંક ને નોડલ બેંક તરીકે નિયુક્ત કરેલ હોય, દરેક કોલેજ કેનેરા બેંકમાં RUSA ગ્રાન્ટની ફાળવણી અને વપરાશ માટે એક અલગ એકાઉન્ટ ખોલાવવામાં આવશે.

12. RUSA અને સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા કેસીજીની વેબસાઈટ સમયાંતરે જોતા રહેવામાં રહેશે તથા તેમાં વખતો વખત અપાતી સૂચનાઓનું સંસ્થા દ્વારા પાલન કરવાનું રહેશે અને જે માહિતી મંગાવવામાં આવે તે સમયસર સંસ્થા દ્વારા મોકલવાની રહેશે.

13. RUSA ગાઈડલાઈન્સની તથા વખતો વખતની શરતોનું સંસ્થા દ્વારા પાલન કરવાનું રહેશે.

14. RUSA અનુદાન દ્વારા થયેલી કામગીરીનો વિગતવાર અહેવાલ અને ખર્ચપત્રક દર માસની ૧૦મી તારીખ સુધીમાં સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા કેસીજી કચેરીને સંસ્થા દ્વારા મોકલવાનો રહેશે.

15. RUSA અંતર્ગત ફાળવેલી ગ્રાન્ટના હિસાબો મહાલેખાકારશ્રી અમદાવાદ/રાજકોટ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તથા સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્યનાં ઓડીટ સમયે આ અંગેના તમામ ખર્ચ કરેલા હિસાબો/વાઉચરોની ખાતરી કરાવવાની રહેશે.

16. સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્યએ અમાન્ય કરેલ ખર્ચાઓ કરવામાં આવશે નહિ અને સરકારશ્રીની કરકસરના નિયમો/આદેશોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

17. RUSA અનુદાન કેનેરા બેંકમાં, આ હેતુ માટે ખોલાવેલ બેંક ખાતામાં જમા કરવાના રહેશે અને ઉક્ત બેંક એકાઉન્ટ બે અધિકારીઓની સહીથી ઓપરેટ કરવાનું રહેશે. કોલેજના કિસ્સામાં આચાર્યશ્રી અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી/સેક્રેટરીશ્રીની સયુંકત સહીથી ઓપરેટ કરવાનું રહેશે. સહી કરનાર ઉપરોક્ત બંને વ્યક્તિઓ અલગ અલગ હોવી અનિવાર્ય છે.


18. કોલેજોએ ઉપયોગ થયેલી ગ્રાન્ટનું ઉપયોગીતા પ્રમાણપત્ર (UTILIZATION CERTIFICATE) પૂરૂ પાડ્યેથી, ઓડીટને આધિન બાકીના હપ્તાના અનુદાનની ફાળવણી કરવામાં આવશે.

19. ફાળવેલ અનુદાન દ્વારા કરવામા આવેલ તમામ કામગીરીના હાઈ રીઝોલ્યુશન (HD) RUSAના લોગો વાળા ફોટોગ્રાફ્સ RUSA ભુવન એપ દ્વારા નિયમિત ધોરણે અપલોડ કરવાના રહેશે.
20. લાભાર્થી સંસ્થાનું PFMS પોર્ટલ પર રજીસ્ટ્રેશન ફરજિયાતપણે કરવાનું રહેશે તથા તમામ પ્રકારના નાણાકીય વ્યવહારો PFMS ઈ-પેમેન્ટના માધ્યમથી કરવાના રહેશે. તથા ચેક મારફત કોઈ પણ પ્રકારનો નાણાકીય વ્યવહાર કરવાનો રહેશે નહી.
21. લાભાર્થી સંસ્થાઓએ RUSA FUND TRACKER APP પર ફાળવેલ અનુદાન દ્વારા કરવામાં આવેલ તમામ કામગીરીની વિગતવાર માહિતી જેવી કે પ્રોજેક્ટની વિગત,વર્ક ઓર્ડર, ઈ-પેમેન્ટ, રંગીન ફોટોગ્રાફ્સ અને વપરાશી પ્રમાણપત્ર વખતોવખત અપલોડ કરવાના રહેશે.
22. લાભાર્થી સંસ્થાઓએ RUSA અનુદાનથી સંસ્થાના વિદ્યાર્થીઓને થયેલા લાભ/ ફાયદા અંગેના અભિપ્રાય પત્રો(TESTIMONIALS) લેખિત કે વીડિયોના માધ્યમથી સંસ્થા દ્વારા સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્યને મોકલવાના રહેશે.
23. આ અનુદાનનો વપરાશ તા.૩૧-૩-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરીને તેનું વપરાશી પ્રમાણપત્ર સ્ટેટ નોડલ ઓફીસ, રૂસા, ગુજરાત રાજ્યને બિનચૂક રજુ કરવામાં આવશે.
24. આ અનુદાનનો વપરાશ માટે સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ Detail Project Report(DPR) અને તેમાં રજુ કરેલા નકશાઓ અને ખર્ચના અંદાજો અનુસાર ખર્ચ કરવાનો રહેશે.
25. જો સંસ્થા દ્વારા એકજ મકાનમાં અનેક સંસ્થાઓ ચાલતી હશે તો અને તે પૈકીની સંસ્થાઓને અનુદાન પ્રાપ્ત થયેલ હશે તો રૂસા અનુદાનના વપરાશ વખતે સંસ્થા દીઠ અલગ અલગ વપરાશની કામગીરી, કામ અને તે પાછળ થયેલ ખર્ચની વિગત દર્શાવવાની રહેશે.
26. આ અનુદાનનો વપરાશ અન્ય કોઈપણ સ્વનિર્ભર સંસ્થા કે સ્વનિર્ભર કોર્ષ માટે કરવાનો રહેશે નહી.

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, રૂસા અને
અગ્રસચિવ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,
ગુજરાત રાજ્ય

સવિનય નકલ રવાના જાણ સારૂં,

- કમિશનરશ્રી, ઉચ્ચશિક્ષણ ગુજરાત રાજ્ય
- સીઈઓ,કેસીજી
- નાયબ સચિવશ્રી, ઉચ્ચશિક્ષણ, ગુજરાત રાજ્ય
- એડીશનલ પ્રોજેક્ટ ડાયરેક્ટર, રૂસા, ગુજરાત રાજ્ય
- એડવાઈઝરશ્રી, કેસીજી, અમદાવાદ
- ડૉ.યોગેશ યાદવ,સ્ટેટ નોડલ ઓફીસર, રૂસા, ગુજરાત રાજ્ય



Classroom Renovation-wall painting, wall plaster, ceiling, LED strip light etc.



Classroom Renovation-wall painting, wall plaster, ceiling, LED strip light etc.



Construction of Cup-board-Physics department



Construction of Physics Lab Rack

# R.R.MEHTA COLLEGE OF SCIENCE AND C.L.PARIKH COLLEGE OF COMMERCE, PALANPUR

# RUSA VISIT : 20/07/2023

# PHOTOGRAPHS – NEW CONSTRUCTION



Construction of Botany Lab Rack



Renovation of Chemistry Lab- wall painting, platform, lab sink, etc.



Construction of New Botany Lab



Renovation of Chemistry Lab- Water supply pipe line work. bip tap, etc.